
ગુજરાતી
કલાસ ૭

# અનુક્રમણિકા


અનુક્રમણિકા .................................................. 2

હદીસ .................................................. 4

માં-બાપનું માન જાળવવું - તાબેદારી કરવી.. .................................................. 5

સંપ ત્યાં જંપ .................................................. 6

ઘડિયાળ જોતાં શીખો : .................................................. **8**

કામ કરી મહેનતુ બનવું .................................................. 9

કજીયા નું મોં કાળું અને લાલચનું ફળ બુરૂં .................................................. 10

દિશાઓ .................................................. 12

આંકડા .................................................. 13

વાંદરો અને મગર .................................................. 16

*ક્રોસવર્ડ નો કોયડો* .................................................. **17**

નીચે ના શબ્દો ઉપર તેના વિરૂદ્ધાર્થી (contraire)શબ્દો લખો. .................................................. 17

સારી વર્તણુક .................................................. 18

હંસ અને કાગડો .................................................. 19

*અગત્યની કેહવતો* .................................................. **20**

*રીંછે કાનમાં શું કહ્યું?* .................................................. **21**

ક્રોસવર્ડ નો કોયડો .................................................. 23

ફ્રેંચ-ગુજરાતી શબ્દકોષ. .................................................. 24

# PREFACE

Ce livre de GOUJRATI est spécialement conçu pour Vous.

Mon fils et moi, nous y avons mis beaucoup de variétés...des Blagues, des Bandes Dessinés, des Histoires Amusantes, des Hadiçes, des Numérations, des Proverbes etc.…

Bref, l'utile s'y mélange avec l'agréable.

Et puis nous l'avons fait très coloré et ainsi attirant avec de belles images...

Ce qui va vous donner envie d'apprendre… INCHA ALLAH !!!!

Il y a aussi un guide, petit glossaire pour les mots difficiles.

Prenez-en soin. Ne l'abîmez pas, c'est votre bien commun. Ne cornez pas les pages et n'écrivez rien dessus, et ne le salissez pas.

Qu'ALLAH (SWT) accepte nos Amaals nous donne encore plus de tawfeeq pour travailler dans Sa voie! Amine!

# METHODE DE TRAVAIL

- ☞ LISEZ LE TEXTE A VOIX HAUTE
- ☞ RECOPIEZ TOUT LE TEXTE DANS VOTRE CAHIER AVANT QUE LE PROFESSEUR NE VOUS LE DEMANDE (C'EST-À-DIRE, AVANT LE COURS)
- ☞ RECOPIEZ AUSSI LES VOCABULAIRES (A L'AVANCE)
- ☞ FAITES LES EXERCICES DEMANDES.
- ☞ CHERCHEZ LES MOTS SOULIGNES DANS LE GLOSSAIRE.

# હદીસ

**રસુલે ખુદા (સ.અ.વ) એ ફરમાવ્યું:**

અલ્લાહની નજીક ઈલ્મ, ઈબાદત કરતા પણ વધારે ફઝીલત ધરાવે છે.

**ઈમામ અલી (અ.) એ ફરમાવ્યું:**

-તાલીબે ઈલ્મ ની મિસાલ એ મુજાહિદ જેવી છે જે અલ્લાહની રાહમાં જેહાદ કરે છે.

-દીનનો કમાલ ઈલ્મ પ્રાપ્ત કરવા અને તેના ઉપર અમલ કરવામાં છે.

-ઈલ્મ માલદારની શોભા છે તથા ફકીરની સુંદરતા છે.

# માં-બાપનું માન જાળવવું - તાબેદારી કરવી



**દરેક માણસ માટે નેક** બનવાનું, પોતાના મા-બાપની તાબેદારી **કરી તેમને માન આપવાનું** વાજીબ છે. આપણા મા-બાપે આપણને ઉછેર્યા, **ખવરાવ્યું, પીવરાવ્યું, આપણે જ્યારે સાવ નાના બાળક** હતા, ત્યારથી આપણને કેરવણી **આપી. તેઓએ આપણા માટે આપણાં બચપણ**માં તેમની ઉંઘ **છોડીને ઉજાગરા** પણ કર્યા છે.

આપણે જેમ જેમ મોટા થતા ગયા, તેમ તેમ તેઓ આપણા શિક્ષણ**ની વ્યવસ્થા** કરવા લાગ્યા. તેમણે આપણને ઘણી બાબતો શીખવાડી **છે. જ્યારે આપણે કોઈ કામમાં સફળ** થઈએ છીએ, ત્યારે તેઓ ખુબજ રાજી થાય છે.

અલ્લાહે આપણને મા-બાપ જેવી નેઅમત **બક્ષી છે, તેથી આપણે તેનો શુક્ર અદા કરવો જોઈએ. આપણા મા-બાપનો આભાર** માનવો જોઈએ. આપણે તેમના હક્કો અદા કરીને તેઓની સાથે નેક વર્તન રાખવું જોઈએ.

અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં ફરમાવે છે કે તમો તમારા મા-બાપ સાથે નેક વર્તન રાખો. **જો આપણે મા-બાપ સાથે નેક વર્તન નહીં રાખીએ તો અલ્લાહ આપણી ઉપર ગુસ્સે થશે, અને કયામતના દિવસે સજા** કરશે.

જયારે આપણા મા-બાપ બુઢાં થઈ જાય ત્યારે તે લોકોની એવી રીતે સંભાળ લેવી જાઈએ, જેવી રીતે આપણે નાના હતા ત્યારે તેઓ આપણી સંભાળ લેતા હતા.

જે લોકો મા-બાપ સાથે એહસાન કરે અને નેક વર્તાવ રાખે તો અલ્લાહ તઆલા તેને બક્ષી આપશે.

## અઘરા શબ્દો



નેક : સારા
**તાબેદારી** : કહ્યું માનવું
**ઉછેર્યા** : મોટા કર્યા
**કેળવણી** : તરબીયત
**બચપણ** : નાનપણ

**ઉંઘ** : નીંદર
**શિક્ષણ** : ભણતર
**વ્યવસ્થા** : સગવડ
**સંભાળ લેતા** : તપાસ કરતા
**સફળ** : કામયાબી

**સવાલ : ઉપરના સમજાવેલા શબ્દોથી એક એક વાકેયનો ભાગ (phrase) વનાવ્વો.**

# સંપ ત્યાં જંપ


પોપટનું એક ટોળું હતું. ટોળું ચારાની શોધમાં નીકળ્યું. પોપટોએ એક ઝાડ પાસે દાણા જોયા.
પોપટો દાણા ચણવા નીચે ઊતરવા લાગ્યા. એક ઘરડા પોપટે કહ્યું, 'નીચે ન ઊતરો. નાહક ફસાશો.'
જુવાન પોપટોને ઘરડા પોપટની સલાહ ન ગમી. ઘરડો પોપટ ઝાડ ઉપર બેસી રહ્યો. એણે કહ્યું,
'મને ફસામણી ચોખ્ખી દેખાય છે. જલદી પાછા ફરો.'
ઘરડો પોપટ બોલ્યો :
'જરા આંખથી જુઓ. દાણા તો છે પણ સાથે જાળ પણ છે. તમારા પગ હવે ફસાઈ જશે !'
ઘરડા પોપટને શિકારીના ભણકારા વાગ્યા. તેણે ફસાયેલા પોપટોને કહ્યું :
'હવે મારું કહ્યું માનો અને છૂટવા માટે હું કહું તેમ કરો. એક બે ને ત્રણ કહું કે બધા સાથે ઊડજો.'
ઘરડા પોપટની સલાહ મુજબ બધા સાથે ઊડ્યા. જાળ પણ સાથે ઊંચકાઈ. ઘરડો પોપટ બધાને દૂર એક ઉંદર પાસે દોરી ગયો. ઉંદર એનો મિત્ર હતો.




## અઘરા શબ્દો

જંપ : સુખ-શાંતિ
**ચારા :** દાણા
**ઘરડા :** ડોસા
**નાહક :** ફોગટના
**સલાહ :** અભીપ્રાય-શીખામણ-conseils
**પંથ :** માર્ગ

**ફસામણી :** ખત્રો - danger
**જાળ :** શીકારીની જાળી - filet
**દોરી ગયો :** ખેંચી ગયો - les entraîna
**તીણા :** અણીદાર - pointues
**નિરાશ :** નાઉમેદ - découragé

## વાંચો, સમજો અને લખો

**ખાડો ખોદે તે પડે :** કરે તેવું પામે
**ગામને મોઢે ગળણુ** ન બંધાય :બધાને ટીકા કરતાં ન અટકાવી શકાય.
**કાંકરે** કાંકરે પાળ બંધાય : થોડું થોડું કરતા કરતા મોટું કામ થાય.
**એક પંથ** દો કાજ : એકજ સાધનથી બે કામ પાર પાડવાં.
**દુધનો દાઝયો** છાસ ફુકી ને પીએ : એક વાર કડવો અનુભવ થયા પછી બીક ન હોય ત્યાં પણ ધ્યાન રાખે.

**સવાલ : ઉપરના સમજાવેલા શબ્દોથી એક એક વાકેયનો ભાગ (phrase) વનાવ્વો.**

# હાસ્ય વાર્તા



છગન : 'કાળા રંગનો બલ્બ આપો.'

દુકાનવાળો : 'કાળા રંગનો ? ક્યાં લગાવવો છે ?'

છગન : 'બપોરે અંધારું કરીને સૂવા માટે લગાવવો છે.

**************

પપ્પુના ઘરમાં ચોર ચોરી કરવા આવ્યા. બધા ઊંઘતા હતા. પણ આઠ વર્ષનો પપ્પુ ચોરને જોઈ ગયો. ચોર ભાગવા માંડ્યા. પપ્પુએ બૂમ પાડી :

"મારું દફતર ચોરી જા. નહીં ચોરી જાય તો હું બૂમો પાડીને તને પકડાવી દઈશ."'

**************

બે મુર્ખાઓ બેન્ક લૂંટવા ગયા પણ બંદૂક લઈ જવાનું જ ભૂલી ગયા. તોય બેંક તો લૂંટી જ. બોલો કેવી રીતે ? બેન્ક મેનેજર પણ મુર્ખો જ હતો. એણે કહ્યું :

'અરે કશો વાંધો નહિ, બંદૂક કાલે બતાવી જજો.'

**************

વાળંદની દુકાનમાં એનો દીકરો આવ્યો હતો. ગ્રાહક વધ્યા એટલે દીકરાએ પૂછ્યું :


' હું હજામત કરતો થાઉં ?'

વાળંદ : 'ફાવશે ? જો ક્યાંક અસ્ત્રો લાગી ન જાય, તને !'

---


## ઘડિયાળ જોતાં શીખો :

### પા કલાક :




સવા | સવા બે | સવા ત્રણ | સવા ચાર | સવા પાંચ | સવા છ

### અડધા કલાક :



દોઢ | અઢી | સાડા ત્રણ | સાડા ચાર | સાડા પાંચ | સાડા છ

### પોણા કલાક :



પોણા બે | પોણા ત્રણ | પોણા ચાર | પોણા પાંચ | પોણા છ | પોણા સાત

૨૦૧૦-૨૦૧૧

# કામ કરી મહેનતુ બનવું

આપણા પયગમ્બર હ. મોહમ્મદ (સ.અ.વ.) ફરમાવે છે, કામ અને મહેનત કરનાર અલ્લાહનો દોસ્ત છે. કામ કરવામાં આળસ કરનાર અલ્લાહના શત્રુ સમાન છે.

આપણા પયગમ્બર સાહેબ મહેનત મજુરી કરવાની ઘણી પ્રશંસા કરતા હતા.



મહેનત અને કામકાજ ન કરનાર માણસ કદી આગળ વધી શકતો નથી. દાખલા તરીકે કોઈ છોકરો નાનપણથી જ વેપારનું કામકાજ શીખી લે તો મોટો થઈને તે એક સફળ વેપારી બની શકશે. તેવી જ રીતે કોઈ ખેડૂત તેના ખેતરમાં બીજ વાવશે, જમીનને પાણી પાશે, મહેનત કરશે, તેના કામમાં સાવચેતી રાખશે, તો તેને તેના ફળ જરૂર મળશે.

આળસુ બનીને કામ કરવાનું પરિણામ ચિંતા અને દુઃખ છે. કામ નહીં કરનાર ગરીબ, ફકીર અને દુઃખી રહે છે. ઈસ્લામને આવા આળસુ લોકો જરાય પસંદ નથી.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે કે : જે લોકો વધારે સૂઈ રહે છે અને કામકાજ કરતા નથી, તેવા લોકોને અલ્લાહ પસંદ કરતો નથી.

ઈમામ અલી (અ.)ના જમાનામાં કેટલાક લોકો ખુબ જ આળસુ હતા. તેઓ કદી કંઈ કામ કરતા નહીં. તેઓ ખુબજ દુઃખી જીવન વીતાવતા હતા. ઈમામ અલી (અ.) એ તેઓને પ્રશ્ન કર્યો કે : 'તમે તમારૂં તથા તમારા કુટુંબીજનોનું ગુજરાન કેવી રીતે ચલાવો છો ?' તે લોકોએ જવાબ આપ્યો કે :'અમારી પાસે જીવન નિર્વાહનું કોઈ સાધન નથી. અમે તો અલ્લાહ ઉપર ભરોસો રાખી (જીવીએ) છીએ.' ત્યારે ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું કે : 'જે લોકો મહેનત મજૂરી કરતા નથી તેને અલ્લાહ ધિક્કારે છે અને પોતાની રહેમતથી વિમુખ રાખે છે.' ઈન્સાનની એ ફરજ છે કે તે મહેનત મજૂરી કરે. તેનો બદલો આપવો અલ્લાહનું કામ છે. આપણે આપણાથી બનતી મહેનત કરવી જોઈએ. બીજું કામ અલ્લાહ સંભાળી લેશે.

**શત્રુ** : દુશ્મન
**પ્રસંશા** : વખાણ
**સાવચેતી** : Précautions
**પ્રશ્ન** : સવાલ
**નિર્વાહ** : ગુજારો - maintenance
**ધિક્કારે** : haïr
**વિમુખ** : મેહરૂમ

# કજીયા નું મોં કાળું અને લાલચનું ફળ બુરૂં




## અઘરા શબ્દો

**બખોલ :** cavité
**ચારો :** દાણા
**પાક સારો બેઠો :** અનાજ સારૂં પાક્યું
**પચાવી બેઠેલું :** તેનો માલીક થઈ ગયો
**મોં :** મોઢુ
**દાન :** તોહ્ફો cadeau
**તેતર :** perdrix
**પંજા :** griffes
**કપટી :** trompeur

**ઝઘડવાં :** બાજવાં
**સોંપ :** પાછી આપીદે
**નજીક :** બાજુંમાં
**સાક્ષી :** ગવાહી
**માળા :** તસ્બીહ
**ઘરડી :** ડોસી
**ભક્ત :** moine
**ન્યાય :** justice
**છેતરે :** tromper





**સવાલ : ઉપરના સમજાવેલા શબ્દોથી એક એક વાક્યનો ભાગ (phrase) બનાવ્વો.**


## અગત્યની કેહવતો

# વાંચો પછી લખો અનો સમજાવો

- હું રાણી, તું રાણી તો કોણ ભરે પાણી ?
- હિંમતે મર્દા તો મદદે ખુદા
- હાથી જીવે તો લાખનો, મરે તો સવા લાખનો
- હાથીના દાંત દેખાડવાના જુદા અને ચાવવાના જુદા
- સોના કરતાં ઘડામણ મોંઘું
- સો વાતની એક વાત
- શાંત પાણી ઊંડા હોય
- વાંદરો ઘરડો થાય પણ ગુલાંટ ન ભૂલે
- સેવા કરે તેને મેવા મળે
- વાર્યા ન વળે તે હાર્યા વળે




## દિશાઓ



# આંકડા

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એક | ૨૬ | છવીસ | ૫૧ | એકાવન | ૭૬ | છાઉતેર |
| ૨ | બે | ૨૭ | સત્યાવીસ | ૫૨ | બાવન | ૭૭ | સીતોતેર |
| ૩ | ત્રણ | ૨૮ | ઈઠયાવીસ | ૫૩ | ત્રેપન | ૭૮ | ઈઠોતેર |
| ૪ | ચાર | ૨૯ | ઓગણીસ | ૫૪ | ચોપન | ૭૯ | ઓગણાએસી |
| ૫ | પાંચ | ૩૦ | ત્રીસ | ૫૫ | પંચાવન | ૮૦ | એસી |
| ૬ | છ | ૩૧ | એકત્રીસ | ૫૬ | છપ્પન | ૮૧ | એકયાસી |
| ૭ | સાત | ૩૨ | બત્રીસ | ૫૭ | સતાવન | ૮૨ | બીયાસી |
| ૮ | આઠ | ૩૩ | તેત્રીસ | ૫૮ | અઠાવન | ૮૩ | ત્રીયાસી |
| ૯ | નવ | ૩૪ | ચોત્રીસ | ૫૯ | ઓગણસાહીઠ | ૮૪ | ચોર્યાસી |
| ૧૦ | દસ | ૩૫ | પાંત્રીસ | ૬૦ | સાહીઠ | ૮૫ | પીચ્યાસી |
| ૧૧ | અગ્યાર | ૩૬ | છત્રીસ | ૬૧ | એકસઠ | ૮૬ | છીયાસી |
| ૧૨ | બાર | ૩૭ | સાડત્રીસ | ૬૨ | બાસઠ | ૮૭ | સત્યાસી |
| ૧૩ | તેર | ૩૮ | આડત્રીસ | ૬૩ | ત્રેસઠ | ૮૮ | ઈઠયાસી |
| ૧૪ | ચૌદ | ૩૯ | ઓગણચાલીસ | ૬૪ | ચોસઠ | ૮૯ | ઓગણનેવુ |
| ૧૫ | પંદર | ૪૦ | ચાલીસ | ૬૫ | પાંસઠ | ૯૦ | નેવુ |
| ૧૬ | સોળ | ૪૧ | એકતાલીસ | ૬૬ | છાંસઠ | ૯૧ | એકાણુ |
| ૧૭ | સત્તર | ૪૨ | બેતાલીસ | ૬૭ | સડસઠ | ૯૨ | બાણુ |
| ૧૮ | અઢાર | ૪૩ | તેતાલીસ | ૬૮ | અડસઠ | ૯૩ | ત્રાણુ |
| ૧૯ | ઓગણીસ | ૪૪ | ચુમાલીસ | ૬૯ | ઓગણસીત્તેર | ૯૪ | ચોરાણુ |
| ૨૦ | વીસ | ૪૫ | પીસતાલીસ | ૭૦ | સીંતેર | ૯૫ | પચાણુ |
| ૨૧ | એકવીસ | ૪૬ | છેંતાલીસ | ૭૧ | એકોતેર | ૯૬ | છન્નુ |
| ૨૨ | બાવીસ | ૪૭ | સુડતાલીસ | ૭૨ | બોતેર | ૯૭ | સતાણુ |
| ૨૩ | ત્રેવીસ | ૪૮ | અડતાલીસ | ૭૩ | તોતેર | ૯૮ | અઠાણુ |
| ૨૪ | ચોવીસ | ૪૯ | ઓગણપચાસ | ૭૪ | ચીમોતેર | ૯૯ | નવ્વાણુ |
| ૨૫ | પચ્ચીસ | ૫૦ | પચાસ | ૭૫ | પીચોતેર | ૧૦૦ | સો |

# અવિચારી પગલું


હું બહારગામ જાઉં છું. આપણા દીકરા માણકાને અને નાનકાને સાચવજે.
આ નાનકો આપણા માણકાની સંભાળ રાખશે.
એ હું જાણું છું. તમે નિરાંતે જાઓ.
શાક લેવા જવું પડશે. નાનકો ઘર સંભાળશે.
નાનકાને ઘર સોંપ્યું. નાનકો માણકાના પારણા પાસે બેઠો.
હું બહારગામ તો નીકળ્યો. પણ ઘરે શું થયું હશે ?
નાનકા ! હું આવી ગઈ. અરે, તારું મોં લોહીવાળું કેમ ? મારા માણકાને શું કર્યું ?
બા, મેં કશું જ ખોટું નથી કર્યું. મેં તો માત્ર મારી ફરજ બજાવી છે.
વિશ્વાસ ન પડતો હોય તો ખાતરી કરી જુઓ.




## અગત્યની કેહવતો

## વાંચો પછી લખો અનો સમજો-

**ઉતાવળે આંબા ન પાકે :** ઉતાવળ કરવાથી કામ બગડે

**આપ ભલા તો જગ ભલા :** ભલા સાથે બધા ભલાઈથી વર્તે

**આંધળા માં કાણો રાજા :** અજ્ઞાનીઓમાં નજીવા જ્ઞાન વારો પણ હુશયાર લાગે.

**વાવે તેવું લણે :** કરે તેવું પામે.

**નાદાનની દોસ્તી ને જાનનું જોખમ :** મૂર્ખ વ્યક્તિ સાથેની મૈત્રી નુકસાનકારક નીવડે છે

**નહિ મામા કરતા કહેણો મામા સારો :** કશું ન હોય તેના કરતાં થોડું પણ હોય તે સારૂં.

**નવરો નખોદ વાળે :** નવરો નુકસાન કરે.

**નમે તે સૌને ગમે :** નમ્રતાવાળો માણસ બધાંને પ્રિય બને છે.

**ધીરજનાં ફળ મીઠાં છે :** સબ્રનો નતીજો હમેશા સારો હોય છે.

**દામ કરે કામ :** પૈસાથી બધું કામ પાર પડે છે.

**દોરડી બળે પણ વળ ન છોડે :** ગમે તેવા સંજોગો માં માણસનો અસલ સ્વભાવ ના બદલે

# વાંદરો અને મગર

**એક** નદી કાંઠે જાંબુડાનું મોટું ઝાડ હતું.

જાંબુડાના ઝાડ પર દરરોજ એક વાંદરો જાંબુ ખાવા આવતો. નદીના ઊંડા પાણીમાં એક મોટો મગર રહેતો હતો. વાંદરા અને મગરની ભાઈબંધી થઈ. વાંદરો રોજ રોજ મગરને પાકાં જાંબુ ખવરાવે.

મગર એક વાર થોડાં જાંબુ મગરી માટે લઈ ગયો. મગરીને જાંબુ બહુ ભાવ્યાં. મગરી જાંબુ ખાતાં ખાતાં મગરને કહે - રોજ આવાં મીઠાં જાંબુ ખાનારા વાંદરાનું કાળજું કેવું મીઠું હશે ! તમે એને લઈ આવો તો હું તેનું કાળજું ખાઉં !

મગર કહે - તે હવે મારો ભાઈબંધ થયો છે. ભાઈબંધ સાથે મારાથી દગો કેમ થાય ? મગરીએ જીદ કરી કહ્યું - જો તમે કાળજું નહિ લાવી આપો તો હું મારો જીવ આપી દઈશ. નછૂટકે મગર વાંદરાને મગરી પાસે લાવવા તૈયાર થયો. બીજે દિવસે મગર જાંબુના ઝાડ નીચે આવ્યો.

એણે મીઠાં જાંબુ ખાધાં પછી મગર બોલ્યો - વાંદરાભાઈ, મારી મગરી તમને ઘેર જમવા માટે બોલાવે છે. મારી પીઠ પર બેસી જાઓ અને મારા મહેમાન થાઓ


વાહ ! ચાલો, તમારો આટલો પ્રેમ છે તો...ના કેમ પડાય ! એમ કહેતો વાંદરો કૂદીને મગરની પીઠ પર બેસી ગયો. મગર પાણીમાં આગળ સરકવા લાગ્યો. બંને વાતોએ વળગ્યા. અડધે રસ્તે જ ભોળા મગરે મગરીના મનની વાત વાંદરાને કરી દીધી.

મગરની વાત સાંભળી વાંદરાના હોશ ઊડી ગયા. થોડી વારે સ્વસ્થ થતાં મગરીથી બચવાનો ઉપાય શોધી કાઢ્યો. વાંદરો કહે - મગરભાઈ ! તમે પણ ખરાં છો ! તમારે આ વાત મને પહેલેથી જ કહેવી હતીને ! મારું કાળજું તો હું ઝાડ પર મૂકીને આવ્યો છું. ચાલો પાછા જઈ કાળજું લઈ આવીએ !

મગર વાંદરાની વાત સાચી માની પાછો કિનારા તરફ વળી ગયો. કિનારો આવતાં વાંદરો એક મોટો કૂદકો મારી ઝાડ પર પહોંચી ગયો. પછી કહે - મૂરખ મગર ! કાળજું તે કંઈ ઝાડ પર મુકાતું હશે ? તું તો દગાખોર છે ! ભાઈબંધને દગો દેવા તૈયાર થયો ? જા હવે કદી આ જાંબુડાના ઝાડ નીચે આવતો નહિ. એમ કહી વાંદરો ત્યાંથી બીજે જતો રહ્યો.




**૧) ખરાબ વસ્તું મેળવવાની ઝીદ ન કરાય**
**૨)આપણા પર વિશ્વાસ મુકતા મીત્ર ને દગો ન અપાય.**






## ક્રોસવર્ડ નો કોયડો


### આડી ચાવી
1- અરબસ્તાન ને રહેવાસી
4-ગરમ થાય
6- ચળકાટ
9-પગ વગરનો
11-ભણતર
12-બહાદુર
13-દેખરેખ


### ઉભી ચાવી
3-નાનપણ
4-મૌકો,પ્રસંગ
7-તેનાથી ખીચડી બને
9-વર્ણ
10-કામયાબ
12-બાળક,બચ્ચું


## નીચે ના શબ્દો ઉપર તેના વિરૂદ્ધાર્થી (contraire)શબ્દો લખો.



અગવડ



ફરિયાદી



બહાર


આશા


અસલ


પ્રતિકુળ



અપકાર


પુરૂ

સગવડ - અંદર - નકલ - અધુરૂં - અનુકુળ - ઉપકાર - આરોપી - નિરાશા

# સારી વર્તણુક

ઈસ્લામ સારી વર્તણૂક તથા સારા અખ્લાક માટે હુકમ કરે છે. આપણે જ્યાં પણ રહેતા હોઈએ ત્યાં આપણે આપણી વર્તાણુક અને કાર્યનો ખ્યાલ રાખવો જોઈએ.




રસૂલે ખુદા (સ.અ.વ.)ના જમાનામાં અરબસ્તાનના લોકો બહુ જ જડ, નિર્દય તથા ખરાબ ચારિત્ર્યવાળા હતા. એકબીજા સાથે કેવી રીતે વર્તવું તે જાણતા ન હતા. તેઓ હંમેશા આપસમાં લડતા રહેતા. રસૂલે ખુદા (સ.અ.વ.) એ તેઓને ધીમે ધીમે સારી વર્તાણૂક શીખવી અને સમજાવ્યું કે તેઓ સારા અખ્લાક કેળવે.

જ્યારે આપણે કોઈના ઘરે જઈએ ત્યારે અથવા કોઈના રુમમાં દાખલ થવાના હોઈએ ત્યારે દાખલ થતા પહેલા ધીમેથી દરવાજો ખખડાવવો જોઈએ. અથવા બહારથી કોલબેલ દબાવવી જોઈએ. કોઈના ઘરે જઈએ ત્યારે શાંતિ રાખવી જોઈએ ત્યાં કોઈ પણ વસ્તુને અડકવું ન જોઈએ.

જ્યારે કોઈ સૂતું હોય ત્યારે ઘોંઘાટ કે અવાજ ન કરવો જોઈએ. કારણ કે તેનાથી ઉંઘમાં ખલેલ થાય છે. તેથી કોઈ સૂતું હોય ત્યારે શાંતિ જાળવવી જોઈએ.

કોઈ રસ્તામાં સામે મળે ત્યારે પહેલા તેને ''સલામુન અલયકુમ'' કહેવું જોઈએ. જ્યારે આપણે એકબીજાથી છૂટા પડીએ ત્યારે ''ખુદા હાફીઝ'' અથવા ''ફી અમાનીલ્લાહ'' કહેવું જોઈએ. જેનો અર્થ છે ''ખુદા તમારું રક્ષણ કરે''.

સાચા મુસલમાન બનવા માટે અને નેક જીવન ગુજારવા માટે આપણે ઉપર જાણાવેલી બાબતો ઉપર અમલ કરીને સારા ચારિત્ર્યના માલિક બનવું જોઈએ.

# હંસ અને કાગડો



સરોવરકાંઠે એક કાગડો રહે. એણે હંસોનું ટોળું જોયું. એણે પૂછ્યું, 'તમે ક્યાંથી આવો છો ?'
હંસે કહ્યું, 'અમે હિમાલયથી આવીએ છીએ. અહીં વિસામો કરવા ઊતર્યા છીએ.'
સરોવરકાંઠે એક કાગડો રહે. એણે હંસોનું ટોળું જોયું. એણે પૂછ્યું, 'તમે ક્યાંથી આવો છો ?'
હંસે કહ્યું, 'અમે હિમાલયથી આવીએ છીએ. અહીં વિસામો કરવા ઊતર્યા છીએ.'
જુઓ, મને એકાવન ઉડાણ આવડે છે !
એમ કહી એણે જાત-જાતની ઉડાણ કરવા માંડી.
તમને ઘણી ઉડાણ આવડે છે, પણ અમને તો એક જ ઉડાણ આવડે છે. એ જોવી હોય તો ઊડો અમારી સાથે.
ચાલો ઊડીએ.
ભલે, આવો.
કાગડો હંસ સાથે હોડમાં ઊતર્યો. એ ઊડતાં ઊડતાં જુદી જુદી ઉડાણ કરતો રહ્યો અને બડાશ મારતો રહ્યો. સરોવર, ગામ ને જંગલ પસાર થતાં રહ્યાં.
પછી આવ્યો ઘૂઘવતો દરિયો. કાગડો થાકવા લાગ્યો. એનામા આગળ ઊડવાની શક્તિ ન રહી. એ બોલ્યો,
બાપ રે ! નહિ ઉડાય.




**શકિત ઉપરાંત બડાશ મારે એ હાંસ્યને પાત્ર બને છે.**

## અગત્યની કેહવતો

**1.** એક હાથે તાળી ન પડે.

**2.** કમળો હોય તેને પીળું દેખાય.

**3.** કમાઉ દીકરો સૌને વહાલો લાગે.

**4.** કાખમાં છોકરું ને ગામમાં ઢંઢેરો.

**5.** કામ કામને શિખવે.

6. **માંગ્યા વિના મા પણ ન પીરસે**

**7. માણસ માત્ર ભૂલને પાત્ર**

**8. માણસ વહાલો નથી માણસનું કામ વહાલું છે**

**9. મરતો ગયો ને મારતો ગયો**

10. **મન, મોતી ને કાચ, ભાંગ્યા સંધાય નહિ**

## *રીંછે કાનમાં શું કહ્યું?*

**એક** હતો ગોપાલ અને એક હતો મોહન.

મોહન બહુ ભોળો અને ગોપાલ ભારે ચબરાક. બન્ને નિશાળમાં સાથે ભણે. બન્ને ભાઈબંધ હતા. નિશાળમાં રજાના દિવસે બન્ને નજીકના જંગલમાં ફરવા ગયા. મોહનને જંગલમાં ડર લાગવા લાગ્યો.

મોહન કહે - ગોપાલ, મને તો બીક લાગે છે. કોઈ જંગલી જાનવર આપણને ફાડી ખાશે તો ? ગોપાલ કહે - તું તો સાવ ડરપોક છે. તારી સાથે હું છું તેથી તારે ડરવાની જરા પણ જરૂર નથી.

મોહન ફરી બોલ્યો - પણ ગોપાલ, આપણી પાસે જંગલી જાનવરનો સામનો કરવા કોઈ હથિયાર પણ નથી તેનું શું ? ગોપાલ કહે - હથિયારની શું જરૂર છે ? આપણે બન્ને મોટા અવાજ કરી એને ભગાડી દેશું. બન્ને મિત્રો આમ વાતો કરતા થોડું આગળ ચાલ્યા ત્યાં અચાનક ગોપાલે સામેથી એક રીંછ આવતું જોયું. ગોપાલનાં બધાં બણગાં હવામાં ઊડી ગયાં. રીંછને જોતાં જ તે પોતાના મિત્રની પરવા કર્યા વિના પોતાનો જીવ બચાવવા ભાગ્યો અને દોડીને પાસેના ઝાડ પર ચડી ગયો.






આ રીંછ કંઈક કીધુ છે
તે જાણવા માટે બધાં
શબ્દો જોડો.

મોહને રીંછને નજીક આવતું જોઈ બૂમ પાડી - મિત્ર, ગોપાલ ! મને બચાવ ! પણ ગોપાલ તો ઝાડની ઊંચી ડાળીએ પહોંચી પાંદડાંની ઘટામાં સંતાઈ ગયો.


મોહનને ઝાડ પર ચઢતાં આવડતું ન હતું. તેને થયું કે હવે કરવું શું ? પણ મોહનને એક ઉપાય મળી ગયો. તે પોતાનો શ્વાસ રોકી જમીન પર મડદાની જેમ સૂઈ ગયો. ના હાલે કે ના ચાલે. થોડી વારમાં રીંછ મોહનની નજીક આવ્યું. તેણે એના શરીરને સૂંઘી જોયું. રીંછને થયું કે આ તો મરેલો જ છે. એટલે તે ત્યાંથી આગળ જતું રહ્યું. ગોપાલે આ જોયું પણ એને કંઈ સમજણ ન પડી કે રીંછ શું કરતું હતું.

રીંછના ગયા પછી ગોપાલ ઝાડ પરથી નીચે ઊતર્યો. એણે મોહનની મજાક કરતાં પૂછ્યું - અલ્યા મોહન ! શું રીંછ તારું સગું થતું હતું કે શું ? એણે તારા કાનમાં શું કહ્યું ? મોહન કહે - રીંછે મને શિખામણ આપી કે મુસીબતમાં સાથ છોડી જાય તેનો કદી વિશ્વાસ ન કરવો. મોહનનો આવો જવાબ સાંભળીને ગોપાલનું માથું શરમથી નીચું થઈ ગયું.



# ક્રોસવર્ડ નો કોયડો




## આડી ચાવી

(1) Se paniquer
(2) Corbeau
(3) Enfant
(4) Commandement
(5) Jeux
(6) Date
(7) Caille
(8) Réunion

## ઊભી ચાવી

(A) Âne
(B) Voix
(C) Tortues
(D) Crabes
(E) Gratis
(F) Vœu
(G) Fini
(H) Jungle

# ફ્રેંચ-ગુજરાતી શબ્દકોષ.

## glossaire français-goujrati

| | | | | | |
|---|---|---|---|---|---|
| acquérir | પ્રાપ્ત | dos | પીઠ | par force | નછુટકે |
| ampoule | બલ્બ | éduquer | કેરવણી | pauvre | ફકીર |
| apogée | કમાલ | effrayant | ભંયકર | perdu | ગુમાવ્યો |
| avantages | ફઝીલત | élever | ઉછેર્યા | près | નજીક |
| beauté | સુંદરતા | enfance | બચપણ | punition | સજા |
| bien | સ્વસ્થ | enfant | બાળક | reconnaissance | આભાર |
| bienfait | શીખવાડી | enseigner | શીખવાડ | rempart | પાળ |
| bon | નેક | études | શિક્ષણ | respecter | માન આપવાનું |
| brûlé | દાઝયો | étudiant | તાલીબે ઈલ્મ | réveillon | ઉજાગરા |
| caillou | કાંકરે | faire du mal | ખોટું કરવ | riche | માલદાર |
| caïman femelle | મગરી | foie cœur | કાળજું | saisons | ઋતુઓ |
| chef | મેનેજર | fous | મુર્ખા | saut | કુદકો |
| client | ગ્રાહક | fraternité | ભાઈબંધી | se glisser | સરકવું |
| coiffeur | વાળંદ | galipette | ગુલાંટ | se plier | વળે |
| combat | જેહાદ | lancer | પટકી | serviette | ગળણુ |
| combattant | મુજાહિદ | moyen | વ્યવસ્થા | sommeil | ઉંઘ |
| confiance | વિશ્વાસ | moyen voie | પંથ | succès | સફળ |
| décor | શોભા | obéissance | તાબેદારી | têtu | જીદ-ઝીદ |
| descriptions | ચિત્રવર્ણ | outils | અસ્ત્રો | voie | રાહ |
| nurse | આયા | poète | કવી | potier | કુંભાર |
| cuisinier | રસોયો | avocat | વકીલ | beurre | માખણ |